# મનપાની સામાન્ય સભામાં સામાન્ય નાગરિકના પ્રશ્નો ચમક્યા : ભાજપના મનુભાઈના વિવાદી વિધાનો

## શહેરમાં પાણીની સમસ્યા અગાઉ ન હતી તેના કરતાં વધુ વિકરાળ છે પાણી ટેન્કરથી આપો : શહેરમાં પડેલા ભુવાઓથી ભગવાન બચાવે : જરૂર હોય તો ગ્રાન્ટ પરત લઈ લો : કોંગ્રેસ





ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર મહાનગર પાલિકાની આજે મળેલ સામાન્ય સભામાં પ્રજાના મૂળભૂત પ્રશ્નો રજૂ કરવામાં વિપક્ષે મેદાન માર્યુ હતું. શહેરમાં છેલ્લા એક સપ્તાહથી ઉભો થયેલો પાણીનો પ્રશ્ન પેચીદો બન્યો છે ત્યારે શહેરના વસાહતીઓને ટેન્કરથી પાણી પુરુ પાડવામાં આવે તેવી માંગ પણ વિપક્ષે કરી હતી.

મેયર રીટાબેન પટેલના અધ્યક્ષપદે મળેલ મનપાની સામાન્ય સભામાં રજૂ થયેલા એજન્ડાની બે બાબતો ચર્ચા વિના જ મંજૂર કરી દેવામાં આવી હતી. તો રંગમંચના ભાડા - વધારાની દરખાસ્ત પર વિપક્ષના નેતા શૈલેન્દ્રસિંહ બિહોલાએ સ્ટેજ ખુલ્લુ રાખવાને બદલે છત બનાવાય તેમજ જે હાઈટ્સ અપાઈ છે તે વધુ પડતી હોવાની રજૂઆત કરતાં પ્રજાને તેને કારણે આર્થિક ભારણ વધુ પડે તેમ કહ્યું હતું.

ભાજપના અગ્રણી મનુભાઈ પટેલે કહ્યું હતું કે રંગમંચોના રિનોવેશન પછી તેની જાળવણી અને મરામતમાં જે કાળજી લેવાવી જોઈએ તે લેવામાં આવતી નથી. આ માટે ટેન્ડર પણ જારી કરાયા હતા. પરંતુ અત્યારે આ નવા બનાવાયેલા રંગમંચોની હાલત અગાઉ કરતાં પણ ખરાબ થઈ ગઈ હોવાની રજૂઆત કરી તંત્રને સાક્ષીના પાંજરામાં ઉભા કરવાનો પ્રયાસ કર્યો હતો.

આ પછી આ મુદ્દે વધુ ચર્ચા ટાળતાં મેયરે સૂચનો પર વિચારણા કરાશે તેમ કહી ચર્ચાને અટકાવી દીધી હતી.

એજન્ડા પરની બાબતો પૂર્ણ થયા બાદ સભ્યોને રજૂઆત કરવાની તક આપવાની વાતનો મેયર રીટાબેન પટેલે સ્વીકાર કર્યો હોવાથી કોંગ્રેસે આ તક ઝડપી લઈ પ્રજાના પ્રશ્નો રજૂ કરી મેદાન માર્યું હતું.

કોંગ્રેસના હસમુખ મકવાણાએ સામાન્ય સભાએ કરેલા ઠરાવ પછી શબવાહિનીના જે પૈસા વસુલવામાં આવ્યા છે તે સભાગૃહ અને સભ્યોના નિર્ણયનું અવમાન છે. આ બાબતમાં તપાસ કરાવવી જોઈએ તેવી માંગણી કરી હતી.

મેયર રીટાબેન પટેલે વળતો પ્રત્યુત્તર આપતાં જમાવ્યું હતું કે આ પૈસા જે વસુલવામાં આવ્યા છે તે આવક તો મનપાને જ થઈ છે ને ? બસ આ પછી કોંગ્રેસે આક્રમક રૂપ ધારણ કર્યું હતું. વિપક્ષના નેતા બિહોલા, ચીમનભાઈ વિંઝુંડાએ આ બાબતે વિરોધ નોંધાવ્યો હતો.

આ ક્ષણે પૂર્વ સ્થાયી સમિતિના ચેરમેન મનુભાઈ પટેલે કહ્યું કે સ્મશાન શહેર માટે બનાવ્યું છે. ગ્રામ્ય વિસ્તારમાંથી અંતિમવિધિ માટે લવાતા મૃતદેહોના અગ્નિ સંસ્કાર માટે ચાર્જ રાખવો જોઈએ.

કોંગ્રેસના શૈલેન્દ્રસિંહ બિહોલા, હસમુખ મકવાણા, ચીમન વિઝુંડા સહિતના કાઉન્સિલરો ઉભા થઈ ગયા હતા અને કહ્યું હતું કે આવું ના હોય લેકાવાડામાં અંતિમધામ બંધ છે લોકો ક્યાં જાય ? તમારી પાસે અંતિમધામના સંચાલન માટે પૈસાના હય તો અમારી ગ્રાન્ટ લઈ લો અમારે નથી જોઈતી પણ આવા ભેદભાવ પાડવાનો પ્રયાસ પણ ના કરતા નહિ તો પરિણામ સારા નહી હોય.

એક તરફ સમરસ સમાજ રચનાની મોટી મોટી વાતો કરી ભાગલા પાડવાની આ વૃત્તિ નિંદનીય છે. તેવા ગંભીર આક્ષેપો થતાં સભાગૃહમાં બેસેલા પ્રેક્ષકોએ પણ ભારે ગણગણાટ કરી આ વિધાનનો વિરોધ કરતાં મેયરે કહ્યું કે આપણે નિર્ણય નથી કરતા સૂચન છે.

મામલો શાંત પડ્યા પછી કોંગીના રાકેશ પટેલે સેક્ટર-૬માં હજુ પણ ડસ્ટબીન વસાહતીઓને અપાયા નથી તે અંગે રોલ વ્યક્ત કર્યો હતો. આ ઉપરાંત ટ્રી ગાર્ડની જે સંખ્યા કાઉન્સિલર દીઠ નક્કી કરવામાં આવી છે તેમાં વધારો કરવો જોઈએ. કોંગ્રેસના જયરાજસિંહ પરમારે પણ આ વાતમાં સૂર પૂરાવતાં કહ્યું હતું કે સંખ્યામાં વધારો કરો અને સમયસર તે પુરા પાડવામાં આવે તે પણ જરૂરી છે. તેમણે કહ્યું કે સભ્યોની ગ્રાન્ટમાંથી આપવામાં આવતી વસ્તુઓના વિતરણમાં પણ વ્હાલા - દવલાંની નીતિ તંત્ર

● અનુસંધાન પાન-૭ પર

### મનપામાં પગાર-વધારાના મુદ્દે ભાજપ-કોંગ્રેસ સાથ સાથ હૈ

**૩૭૦ અને ૩૫ એ હટાવવા માટે મોદી-શાહને અભિનંદન અપાયા**

ગાંધીનગર મહાનગરપાલિકાની આજે મળેલ સામાન્ય સભાએ કાશ્મીરમાંથી કલમ ૩૭૦ અને ૩૫ એ હટાવવા બદલ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહને અભિનંદન આપતો પ્રસ્તાવ સર્વાનુમતે પસાર કર્યો હતો.

આજની આ સામાન્ય સભાએ સુષ્મા સ્વરાજના અવસાન અંગે પણ શોકદર્શક ઉલ્લેખ કરી અને બે મિનિટનું મૌન પાળ્યુ હતુ.

આ બેઠકમાં પ્લાસ્ટીક રૂલ્સ-૨૦૧૬ની દરખાસ્ત અમલીકરણ માટે પણ સર્વાનુમતે પસાર કરી હતી. આ પછી વિપક્ષી નેતાએ ટોણો મારતાં કહ્યુ હતુ કે કીધુ છે એનો અમલ નિષ્પક્ષ રીતે કરી બતાવજો.

કાઉન્સીલરોએ પગાર વધારાની દરખાસ્તને પણ સર્વાનુમતે પસાર કરી હતી. ત્યારે ભાજપના સભ્ય મનુભાઈ પટેલે કહ્યુ કે અલ્યા ભાઈ કંઈક તો આ મુદ્દે બોલો યા કોઈક તો વિરોધ કરો.

# શહેરમાં સિઝનનો ૧૭.૫ ઈંચ વરસાદ

## બે દિવસથી મેઘરાજાનો વિરામ : સેકટરોમાં વરસાદી પાણીમાં ઘમરોળાયા બાદ ઠેર ઠેર કાદવ કિચ્ચડ વચ્ચે સમસ્યાઓની ભરમાર

ગાંધીનગર તા ૧૯

ગાંધીનગરમાં સિઝનનો અત્યાર સુધી ૪૩૫ મી મી વરસાદ થયો છે. ગત શનિવારે રાત્રિના એક જ કલાકમાં બે ઈંચ વરસાદ વરસતા ચોમેર પાણી પાણી થઈ ગયુ હતુ. શહેરમાં સિઝનનો અત્યાર સુધી ૫૮ ટકાથી વધુ વરસાદ થઈ ગયો છે. જયારે છેલ્લા બે દિવસથી વરસાદે વિરામ લીધો છે. દિવસ દરમિયાન વરસાદી વાતાવરણ વચ્ચે આકાશમાં વાદળો ગોરંભાયેલા રહે છે. સેકટરોમાં ઠેર ઠેર વરસાદી સમસ્યાઓ ઉભરાઈ રહી છે. વરસાદે વિરામ લેતા વાદળિયા વાતાવરણ વચ્ચે મચ્છરોનો ઉપદ્રવ પણ વધ્યો છે.

ગાંધીનગરમાં આ વર્ષે ચોમાસાના પ્રારંભે વરસાદ ખેંચાતા અસહ્ય ગરમી વેઠતા નગરજનો પણ અકળાયા હતા. જયારે વાવણીલાયક વરસાદની વાટે રહેલા ખેડુતોમાં પણ ચિંતાના વાદળો ઘેરાયા હતા. આખો અષાઢ મહીનો કોરો જતા વરસાદ સૌ કોઈ માટે ચિંતાનો વિષય બની ગયો હતો. અષાઢી મેઘના અંબર ગાજયા પણ નહી અને વરસ્યા પણ નહી તેવી સ્થિતિના અંતે શ્રાવણના પ્રારંભે વરસાદની આશ પ્રબળ બની હતી. શ્રાવણ મહીનાના પ્રારંભે બે ચાર દિવસ સરવરિયા વરસ્યા બાદ મેઘરાજાએ અસલ મિજાજ બતાવ્યો હતો. શહેરમાં વરસાદના ત્રણ રાઉન્ડમાં ચોમેર પાણી પાણી થઈ ગયુ હતુ. મેઘરાજાએ નગર પર હેત વરસાવતા સેકટરોમાં વરસાદી પાણી ઉભરાયા હતા. બે દિવસ પહેલા પણ રાત્રિના અચાનક જ વાતાવરણ પલ્ટાના અંતે ધોધમાર વરસાદના અંતે બે ઈંચ પાણી પડ્યુ હતુ. જિલ્લામાં સાર્વત્રિક વરસાદના અંતે ખેડુતોની ચિંતા ટળી છે. જયારે પુરતા વરસાદના લીધે નગરજનોમાં પણ ખુશીની લહેર પ્રવર્તી છે. સિઝનનો અત્યાર સુધી ૪૩૫ મી મી વરસાદ થયો છે. ૧૭.૫ ઈંચ વરસાદના અંતે નગરજનો ગરમીમાં રાહત અનુભવી રહ્યા છે. છેલ્લા બે દિવસથી આકાશમાં સુરજદાદા દર્શન આપી રહ્યા છે. સતત વાદળિયા વાતાવરણના લીધે વરસાદી ભીંજારા વચ્ચે નગરજનો પણ સુસ્તી અનુભવી રહ્યા હતા. વરાપ નિકળતા વાતાવરણ ચોખ્ખુ થયુ છે. આજે દિવસ દરમિયાન વરસાદ અદ્રશ્ય રહ્યો હતો જયારે બપોરે પણ તડકો નિકળતા નગરજનોએ બફારો અનુભવ્યો હતો.

# શહેરમાં ડહોળા પાણીની સમસ્યાને ડામવા સપ્લાયમાં ૭ એમ.એલ.ડી.નો ઘટાડો

## હાલ પાણીમાં ટર્બિલીટીનુ પ્રમાણ ૩ થી ૪ એન પી યુ જેટલુ : અગાઉ કરતા ૫૦ ટકા ટર્બિલીટી ઘટી : કેનાલમાં પાણીના વમળો સ્થિર કરવા પણ પ્રયાસ

ગાંધીનગર તા ૧૯

શહેરના જુના અને નવા સેકટરોમાં ડહોળુ પાણી આવતુ હોવાનો કકળાટ પ્રવર્તાયો છે. જયારે છેલ્લા બે દિવસથી પાણીમાં ટર્બિલીટીનુ પ્રમાણ ૫૦ ટકા જેટલુ ઘટી ગયુ હોવાનુ પણ તંત્રએ જણાંવ્યુ છે. ટર્બિલીટીને ડામવા માટે શહેરમાં અંદાજિત ૭ એમ એલ ડી જેટલો પાણીનો સપ્લાય પણ ઘટાડી દેવાયો છે. હાલ પાણીમાં ટર્બિલીટીનુ પ્રમાણ ૩ થી ૪ એન પી યુ જેટલુ નોંધાઈ રહ્યુ છે. જે અગાઉ કરતા ઘણુ ઓછુ હોવાનુ પણ સુત્રાએ જણાંવ્યુ છે.

ગાંધીનગરમાં ડહોળા પાણીની સમસ્યા મહદઅંશે હળવી થઈ ગઈ છે. મુખ્યકેનાલમાં પાણીની આવક વધતા છેલ્લા ચાર પાંચ દિવસથી શહેરમાં ડહોળુ પાણી આવતુ હોવાનો કકળાટ ઉઠવા પામ્યો છે. જો કે ડહોળા પાણીની સમસ્યા હજુ સંપુર્ણ નિવારી શકાઈ નથી. પરંતુ પાણીમાં ડહોળાશનુ પ્રમાણ ૫૦ ટકા જેટલુ ઘટી ગયુ છે. ડહોળા પાણીની સમસ્યાને ડામવા માટે તંત્ર દ્વારા કેનાલમાં પોલી એલ્યુમિનિયમ કલોરાઈડની માત્રા બેવડી કરી દેવાઈ છે. જેના લીધે ડહોળાશ ઘટાડી શકાય તે માટે પાણી પુરવઠા વિભાગે તેની માત્રા વધારી દીધી છે. આ આ ઉપરાંત સેકટરોમાં અપાતા પાણીના સપ્લાયમાં પણ કાપ મુકી દેવાયો છે. શહેરમાં ચરેડી અને સરીતા બન્ને ટાંકીમાંથી જુના અને નવા સેકટરોમાં પાણી સપ્લાય કરવામાં આવે છે. કેનાલમાં પાણીને સ્થિર કરી ડહોળાશ તળિયે બેસી જાય તે માટે જરૂર મુજબ સપ્લાય આપવામાં

● અનુસંધાન પાન-૭ પર

# લગ્નની લાલચ આપી સગીરાના અપહરણ કેસમાં આરોપીને ત્રણ વર્ષની કેદની સજા

ગાંધીનગર તા ૧૯

યુવતિને લગ્ન કરવાની લાલચ આપીને ગાંધીનગરથી અમદાવાદમાં નરોડા ખાતે લઈ જવાના કેસમાં ગાંધીનગર કોર્ટે આરોપીને ત્રણ વર્ષની સખત કેદની સજા ભોગવવા હુકમ કર્યો છે.

આ કેસની પ્રાપ્ય વિગત અનુસાર અમદાવાદમા રહેતો અશોક ઉર્ફે ભોલો જનાર્દન બછાઉ તા ૧૪ નવેમ્બર વર્ષ ૨૦૧૮ના રોજ ભોગ બનનારને લગ્ન કરવાની લાલચ આપી તેણીને પોતાની સાથે ગાંધીનગરથી નરોડા લઈ ગયો હતો. નરોડમાં તેણીને રાખી હતી. ત્યારબાદ ભોગ બનનાર સે-૭ પોલીસ સ્ટેશનને મળી આવી હતી. ત્યારબાદ તેણીની માતાને જાણ થતા હકીકત પ્રકાશમાં આવી હતી. આ અંગે સે-૭ પોલીસે ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. આ કેસ ગાંધીનગરની કોર્ટમાં ચાલી જતા સરકારી વકીલ તરીકે પી ડી વ્યાસ અને જીગ્નેશ જોષીએ દલીલો કરી હતી. જે દલીલોને ધ્યાને લઈ જજે આરોપી અશોક ઉર્ફે ભોલા જર્નાદનને કલમ ૨૩૫ (૨) અન્વયે ભારતીય દંડ સંહીતાની કલમ ૩૬૩ ના ગુન્હા સબબ ત્રણ વર્ષની સખત કેદની સજા તેમજ રૂ ૧ હજારનો દંડ ભોગવવા હુકમ કર્યો છે અને જો આરોપી દંડ ન ભરે તો વધુ ૧૦ દિવસની કેદની સજા ભોગવવા આદેશ કર્યો છે.

# ગુજરાતના લોકપ્રિય કલાકારો ભાજપમાં જોડાયા

## હેમંત ચૌહાણ, બંકિમ પાઠક સહિતના કલાકારો અને આનંદ ખખ્ખર ભાજપમાં જોડાયા

અમદાવાદ,તા.૧૯

પ્રદેશ ભાજપા મીડિયા વિભાગની અખબારી યાદી જણાવે છે કે, આજરોજ ભાજપા પ્રદેશ અધ્યક્ષ જીતુ વાઘાણીની વિશેષ ઉપસ્થિતિમાં ભાજપા પ્રદેશ કાર્યાલય શ્રી કમલમ કોબા, ગાંધીનગર ખાતે વિશ્વવિખ્યાત એવા ગુજરાતના સુપ્રસિધ્ધ લોકસાહિત્ય કલાકારો, સંગીતકારો, લોકગાયક-ગાયિકા તથા ગુજરાતી ફિલ્મોના અભિનેતા-અભિનેત્રી ભાજપામાં જોડાયા હતા.

ભાજપા પ્રદેશ અધ્યક્ષ જીતુ વાઘાણીએ વિશ્વવિખ્યાત એવા લોકગાયક હેમંત ચૌહાણ, બંકિમભાઈ પાઠક, ભાવના લાબડીયા, સંગિતા લાબડીયા, બિહારીભાઈ હેમુભાઈ ગઢવી, ધનરાજ ગઢવી, અમુદાન ગઢવી, કિરિટદાન ગઢવી, શ્યામલ મુન્શી-સૌમિલ સહિત ગોપાલભાઈ બારોટ, બ્રિજરાજ લાબડીયા, બટુક ઠાકોર, શશીભાઈ પારેખ, જીતેન્દ્ર ઠક્કર, રાજેશ ઠક્કર, ડૉ. વિક્રમ પંચાલ, લોકગાયક સુખદેવ મંગળસિંહ ઝાલા, ગુજરાતી ફિલ્મોના જાણીતા અભિનેતા શૈલેષ ગૌસ્વામી (મોરલો) તથા અભિનેત્રી ઝીલબેન જોષી સહિત ઉપસ્થિત સૌ કલાકારોને ભાજપાનો ખેસ પહેરાવી વિધિવત્ ભાજપામાં આવકાર્યા.

આ પ્રસંગે ભાજપા પ્રદેશ અધ્યક્ષ જીતુ વાઘાણીએ જણાવ્યુ હતુ કે, હાલ સમગ્ર દેશ તથા ગુજરાતમાં ભાજપાના સંગઠન પર્વ-૨૦૧૯ અંતર્ગત ઉત્સાહભેર સદસ્યતા વૃધ્ધિ અભિયાન ઉજવાઈ રહ્યું છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી તથા ગૃહ મંત્રી અને રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહના નેતૃત્વ હેઠળની કેન્દ્ર સરકાર માં ભારતીને પરમ વૈભવના શિખરે બિરાજમાન કરવાના સપનાને

● અનુસંધાન પાન-૭ પર












Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com